# 24 રેફરન્સ બુક

**ઈજ્જતકુમાર ત્રિવેદી**
**(જન્મ : 05-4-1935; અવસાન : 26-6-2012)**

હાસ્યલેખક, લઘુકથાકાર ઈજ્જતકુમાર રેવાશંકર ત્રિવેદીનો જન્મ લીલીયા (મોટા)માં થયો હતો. 1955 માં મહુવાથી મેટ્રિક, 1967માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. થયા બાદ 1970 થી શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી.

'મોનાલીસા' અને 'હળવે હાથે' એ બે હાસ્યલેખોના સંગ્રહો છે. 'કાસમ માસ્તરનું વસિયતનામું' ગુજરાતી સાહિત્યનો પહેલો લઘુકથાસંગ્રહ છે. 'કાંટા : ગુલાબ અને બાવળનાં', 'સુદામાનાં તાંદુલ', 'વામનનાં પગલાં', 'રાયના દાણા', 'ઘરદીવડા' અને 'સાતમો કોઠો' જેવા લઘુકથાઓના સંગ્રહો પ્રકાશિત થયા છે. એમની પાસેથી બસો ઉપરાંત લઘુકથાઓ પ્રાપ્ત થાય છે. ઘણી હિંદી-અંગ્રેજીમાં ભાષાંતર પામી છે. એમનું જીવનતપ લઘુકથાને અર્પણ રહ્યું છે. લઘુકથા-સાહિત્યસ્વરૂપના ઈતિહાસમાં તેમનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.

આ લઘુકથામાં માતૃપ્રેમની તીવ્ર ઝંખના અનુભવાય છે. દારુણ ગરીબીમાં પણ પોતાના પુત્રને ભણાવવાના અભરખા રાખનાર માતાના સ્નેહની અનુભૂતિ થાય છે. ભણી-ગણીને ડૉક્ટર થયેલો કથાનાયક જીવનમાં બાના જેવો નિર્વ્યાજ પ્રેમ કદાપિ પામી શક્યો નથી. જીવનમાં જ્યારે જ્યારે માતાની જગ્યાનો ખાલીપો અનુભવાય છે ત્યારે ત્યારે માતાની સ્મૃતિ રૂપે સાચવેલી વસ્તુઓનો પિટારો ખોલી બેસી જાય છે. ચિડાયેલી પત્નીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે કહે છે. આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે. રેફરન્સ બુક માત્ર અભ્યાસ માટે જ નથી હોતી, જીવન-અભ્યાસ માટે પણ હોય છે. પરંતુ પત્નીને એ વાત સમજાવી શકે તેમ નથી. માતાનાં સ્મૃતિચિહ્નોમાંથી કથાનાયક સતત જીવનબળ મેળવે છે. જાણે એ પોટલી કથાનાયકની નોળવેલ ન હોય !

---

આજે પણ મને બાપુજી કરતાં બા બહુ યાદ આવે છે. બાપુજી તો હું સાવ નાનો હતો ત્યારે ગુજરી ગયેલા. હું પંદર વર્ષનો થયો ત્યાં સુધી તો બા હતાં. કુટુંબમાં હું અને એક બહેન એમ અમે બે જ ભાંડરડાં હતાં. બાની ઈચ્છા એવી હતી કે હું ખૂબ ભણીને મોટો માણસ થાઉં. બાપુજીના અવસાન પછી બા બિચારી પારકાં દળણાં દળીને, કોઈનાં કપડાં ધોઈને કે પારકાં વાસણ ઊટકીને પણ અમને ભાઈ-બહેનને ભણાવતી.

સાંજના હું નિશાળેથી આવું એટલે સૌપ્રથમ બા મને એક પળી તાજું દૂધ પીવરાવી દેતી. નિશાળમાં હું આજે શું શું શીખ્યો તે પૂછતી અને પછી પારકાં કામ કરવા ઊપડી જતી. રાત પડે ત્યારે શેઠિયાઓના ઘરેથી વધેલું-ઘટેલું ઢાંકી ઘરે આવતી. તેમાંથી પહેલાં મને ખવરાવતી, પછી બહેનને અને છેલ્લે એ વધેલા-ઘટેલામાંથી પણ વધેલું-ઘટેલું પોતે ખાતી.

રાત્રે હું ફોટા વગરના મોઢિયા ફાનસના અજવાળામાં વાંચવા બેસું ત્યારે બા મારી પાસે બેસીને બજર ઘસતી બેસતી. બા તો બિચારી અભણ હતી તેથી તેને કંઈ ખબર પડતી નહીં પણ મને ભણાવવાની ઉત્કંઠા એટલી તીવ્ર હતી કે ઘણી વખત પોતાની આંગળી ચીંધીને મારા ટેબલ પર પડેલું કોઈ પુસ્તક બતાવતાં કહેતી, 'ભાઈ! આ લાલ પૂંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભૂલી તો ગયો નથી ને?'.... બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સ બુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

'ઠીક ભાઈ.'

'તને ખબર હોય પછી કોઈ ચિંતા નથી,' એમ કહીને બા મારા માટે ચા બનાવવા રસોડામાં જતી રહેતી. હું મેટ્રિકની પરીક્ષા દેવા ગયો તે દિવસે બાએ બે પૈસા ઉછીના ઉધાર કરીને પણ લાપસી રાંધી હતી.

હું મેટ્રિકમાં પાસ થયો એ પછીના મહિનામાં જ બાનું અવસાન થયું! બા વગરના જીવવાના વિચારમાત્રથી હું થરથરી ઊઠ્યો હતો. બાની કોઈ તસવીર તો હતી નહીં તેથી બાની સ્મૃતિ જાળવી રાખવા બાની તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, જે સાડલાના છેડાથી બાએ મારી આંખનાં આંસુ મરતી વખતે લૂછ્યાં હતાં તે સાડલો અને જે ડબ્બામાં બા મારા માટે 'ભાગ' રાખી મૂકતી તે ડબ્બો આ બધી વસ્તુ એક પોટલીમાં બાંધીને એક બૅગમાં તાળું મારીને સાચવી રાખી હતી.

પછી તો બાના આશીર્વાદથી હું ખૂબ ભણીને ડૉક્ટર થયો. એક મોટી હૉસ્પિટલમાં હું ચીફ મેડિકલ ઑફિસર પણ થયો, પણ બાના જેવો નિર્વ્યાજ પ્રેમ હું કદાપિ પામી શક્યો નહીં. મારી પત્ની પણ એક ડૉક્ટર છે. જેણે અમારાં બધાં છોકરાંઓને અંગ્રેજી માધ્યમમાં જ મોટાં કર્યાં છે. માની જેવો નિર્વ્યાજ પ્રેમ માણવાનો કે જોવાનો પણ મને કદી અવસર મળ્યો નથી. તેથી દોમ દોમ સાહ્યબીમાં પણ હું કદી કદી બેચેન બની જાઉં છું ત્યારે છાનોમાનો પેલી બૅગ ખોલીને બાની સ્મૃતિની પેલી પોટલી ખોલીને બેસું છું. મારી પત્ની ચિડાઈને પૂછે 'બૅગમાં એવું શું લખ્યું છે કે આમ ગાંડાની જેમ વારેઘડીએ બેસી રહો છો?'

'આ પોટલીમાં મારા જીવનની એક રેફરન્સ બુક છે. જરૂર પડે ત્યારે તે જોઉં છું' એમ કહીને હું પોટલી ખોલવા બેસી જાઉં છું.

મારી મુશ્કેલી એ હતી કે હું તેને સમજાવી શકું તેમ ન હતો અને તેની મુશ્કેલી એ હતી કે તે સમજી શકે તેમ ન હતી. તેથી અમે બંને એકબીજાને અબુધ જેમ જોઈ રહેતાં....

### શબ્દાર્થ

**ભાંડરડાં** ભાઈ-બહેન વગેરે સ્વજન **પળી** પ્રવાહી ભરવાનું એક માપ **ફોટો** ફાનસનો ગોળો **બજર ઘસવી** દાંતે છીંકણી ઘસવી **ઉત્કંઠા** તીવ્ર ઇચ્છા **રેફરન્સ બુક** સંદર્ભગ્રંથ **મેટ્રિક** મહાવિદ્યાલયમાં દાખલ થવા જેટલું ભણતર, માધ્યમિક શાળાનું અંતિમ વર્ષ **થરથરી ઊઠવું** કંપવું, ધ્રૂજવું **નિર્વ્યાજ** કપટરહિત, સાલસ, સરળ **અબુધ જેમ** અણસમજુ-મૂર્ખની જેમ

### રૂઢિપ્રયોગ

**દોમ દોમ સાહ્યબી હોવી** અતિશય સાધન-સંપન્ન હોવું, ખૂબ શ્રીમંત હોવું, આર્થિક સ્થિતિ ખૂબ જ સધ્ધર હોવી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બાએ દીકરા-દીકરીને કેવી રીતે ભણાવ્યાં હતાં?

(2) બાએ લાપસી શા માટે રાંધી હતી?

(3) લેખક અને તેમનાં પત્ની એકબીજાને અબુધ શાથી લાગતાં?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે બાની સ્મૃતિ શી રીતે જાળવી રાખી હતી?

(2) લેખક પોતાની રેફરન્સ બુક કોને કહે છે? શા માટે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

'રેફરન્સ બુક' લઘુકથામાંથી પ્રગટતું બાનું રેખાચિત્ર આલેખો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમે તમારી બા કે દાદી વિશેનું એકાદ સ્મરણ 10-15 લીટીમાં તમારી નોટબુકમાં લખો.
- ''આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે.'' આ વિધાનની વર્ગમાં ચર્ચા કરો.
  ત્રણેક લઘુકથાઓ મેળવીને વાંચો.

### ભાષા-અભિવ્યક્તિ

લઘુકથામાં લાઘવ (ટૂંકાણ) જરૂરી છે. પ્રથમ ફકરામાં ઘરની સામાન્ય સ્થિતિનો ખ્યાલ આપી મા-દીકરાના સંવાદરૂપે લઘુકથા આગળ વધે છે. એમાં અધૂરા રાખેલા સંવાદો શું સૂચવે છે તે જુઓ.

''ભાઈ ! આ લાલ પૂંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભૂલી તો ગયો નથી ને ?'' બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સ બુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

તમને ખ્યાલ આવશે કે અહીં સંવાદને ટૂંકાવવા અધૂરા નથી મૂક્યા પણ આ ઉપરાંત પણ ઘણું ઘણું કહેવાનું બંનેને બાને પોતાના દીકરાનો ખ્યાલ અને દીકરાને મા પ્રત્યેના સદ્ભાવને આ સંવાદ સરસ રીતે અભિવ્યક્ત કરે છે.

તમે નોંધો કે તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, સાડલો, ભાગનો ડબ્બો-આ બધી વસ્તુ માત્ર વસ્તુ ન રહેતાં લેખક માટે પોતાની મા સાથેનાં સંભારણાંરૂપ બની ગઈ છે.

### શિક્ષક પ્રવૃત્તિ

- માતાનો કોઈ જ વિકલ્પ નથી. આ વાક્ય દરેક વિદ્યાર્થી પોતાની માતા સાથેના એક અનુભવ ટાંકીને લખે; તેની હસ્તપ્રતનો અંક બનાવડાવી અવકાશે વર્ગમાં તે પ્રસંગોનું વાચન કરાવો.
- માણસ વૈભવથી સમૃદ્ધ નથી બનતો પણ પ્રેમથી સમૃદ્ધ માણસ વૈભવશાળી બને છે તેવું સમજાવો.
- જીવનમાં સ્મરણોનું મહત્ત્વ; પુનઃસ્મરણ આશીર્વાદરૂપ હોય છે.

•